॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

પ્રકાશન દર માસની ૫ તારીખે સળંગ અંક ૪૬૦, જુલાઈ–૨૦૨૪, રૂા. ૫.૦૦/–



એક મહિના સુધી ચાલેલ શ્રીઠાકોરજીના ચંદનના વાઘાનાં દર્શન - ભુજ

।। શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ।।

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकै : ।।


પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ વર્ષ-૧૮ કુલ અંક-૨૦૧

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૨૪ અંક-૫ જુલાઈ-૨૦૨૪
વર્ષ : ૪૦ - સળંગ અંક-૪૬૨

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

:: સંસ્થાપક ::
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

:: માલિક ::
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

:: પ્રકાશક અને મુદ્રક, પ્રસિદ્ધ ::
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
તીર્થધામ ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપવી ભુજ-કચ્છથી પ્રસિદ્ધ કર્યું.

:: તંત્રી ::
શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

:: સહતંત્રી ::
શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી



:: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ ::
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ માર્ગ,
શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ,
ભુજ-કચ્છ પીનઃ ૩૭૦૦૦૧.
મો. ૭૫૬૭૬૦૪૦૦૦
E-mail:- sandesh@swaminarayan.faith
E-mail:- info@swaminarayan.faith
Website:- www.swaminarayan.faith




ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

## અનુક્રમણિકા


| | |
|---|---|
| તંત્રીની કલમે | ૩ |
| સત્સંગ સમાચાર-દેશ | ૮ |
| સત્સંગ સમાચાર-વિદેશ | ૧૯ |
| શ્રી ઘનશ્યામ બાળસંદેશ | ૨૧ |


### લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે.
  કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

- અંક દર માસે નિયત સમયે પ્રસિદ્ધ થશે.
- પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.

**વિદેશમાં**
આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

**દેશમાં**
આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

# તંત્રીની કલમે

દિવાળીથી દિવાળીના સમય ફલક પર વ્યાપ્ત વિક્રમ સંવતના બારેય માસો તે પોતપોતાનું આગવું મહત્ત્વ છે. નિરાલી પ્રતિભા છે, વિશિષ્ટતા છે અને આનંદ સાગરના ઉછળતા મોજાઓની મજા પણ છે. આ મનો-શારીરિક વ્યવહારિક હલચલ પૃથ્વીપટ પર વ્યાપ્ત જીવ સૃષ્ટિ સાથે પરમાત્મિય સંબંધ સ્થાપે છે.

**"વૈશાખી ધોમ ધખે, સપ્ત સાગર ઉકળે; પર્યાવરણમાં વિસ્તરે, જીવમાત્ર અકડે,**
**વરાળ વાદળ બની વિજળી કડાકે ગરજે, જો ઇશ ઇશારો કરે તો, અમી છાંટણે વરસે."**

સૃષ્ટિના સર્જનહાર ઈચ્છે છે કે વૈવિધ્યતામાં આનંદો, નાચો ને ગાઓ. મંદિરના શિખરે ફરફર ફરકતી ધ્વજા જીવ સૃષ્ટિને જાગ્રત કરે છે. ત્યાં પરમાત્માની પ્રકૃત્તિ ટહૂકી ઊઠે.

**"અષાઢી બીજ, કાં વાદળ, કાં વીજ; અગમના એંધાણ અષાઢ કરે જાણ."**

આ તો પ્રાકૃત્તિક ઘટનાઓ થઈ. ત્યારે જીવમાત્રને જાગ્રત કરે ધાર્મિક, આધ્યાત્મિક અને શાસ્ત્રીય તથા સામાજિક ઘટનાઓ, અને એ બધામાં અગ્રિમ મોરચે રહે, સાતત્ય જાળવે, શ્રીસ્વામિનારાયણ ભગવાનની અમૃતવાણી, આકડવિકડ જાતા સંસારીઓને મનો-શારીરિક ઠંડક આપવા, વૈચારિક ઝરમર ઝરમર વૃષ્ટિ કરવા, સ્વયં અવતારોના અવતારી શ્રીજીમહારાજે વચનામૃતોનો વરસાદ તેમના પ્રાગટ્ય સમયમાં વરસતો રહ્યો જે આજે પણ પુસ્તકો તરીકે ગરજતો રહે છે. શિક્ષાપત્રીનું પ્રાગટ્ય અને જન્મોત્સવ ધામધૂમથી ઉજવાયા કરે છે.

કચ્છી અષાઢી વર્ષનો પ્રારંભ, રથયાત્રા મહોત્સવ બાદ ચાતુર્માસના નિયમો લઈ તન-મનથી તંદુરસ્ત થવાનો સમય તથા નાના મોટા સૌને મનોરંજન સાથે પ્રસાદની લહાણી અષાઢના હિંડોળાનો પ્રારંભ આ માસમાં થઈ રહ્યો છે, જેમાં એક મહિના સુધી ચાલનારા હિંડોળા ઉત્સવમાં સમગ્ર સંપ્રદાય ભક્તિભાવથી જોડાશે. જેમાં આપ પણ હિંડોળા ઉત્સવમાં સહભાગી બનશો.

જય શ્રીસ્વામિનારાયણ........

# શિક્ષાપત્રી શ્લોક -૮૨

- હિંમતભાઈ ઠક્કર 'રઘુવંશી'

**કાર્યાસ્તમનુ સૃત્યૈવ સર્વ એવ વ્રતોસ્તવાઃ ।**
**સેવારીતિશ્ચ કૃષ્ણસ્ય ગ્રાહ્યા તદુદિતૈવ હિ ॥**

સર્વે વૈષ્ણવોના રાજા એવા શ્રીવલ્લભાચાર્યના પુત્ર જે વિઠ્ઠલનાથજીએ જે વ્રતો અને ઉત્સવોનો નિર્ણય કરેલો છે, તે નિર્ણયને અનુસરીને જ સર્વે વ્રતો અને ઉત્સવો કરવા. અને વિઠ્ઠલનાથજીએ ભગવાનની સેવા કરવાની જે રીતિ કહેલી છે, એ જ રીતિ ગ્રહણ કરવી.

માનવજીવનમાં પ્રતિદિન કરાતા સામાન્ય આહાર-વિહાર, વ્યવહાર-સહેવાર, રહન-સહન એકબીજા સાથે માનવીના અકાટ્ય સંબંધો જાણ્યા.



સામાન્ય અને વિશેષ ઉત્સવોનું જીવનમાં ઊંડું મહત્ત્વ પણ સમજી લીધું. સવાર-બપોર-સાંજ, રાત-દિવસમાં સૂર્ય-ચંદ્રની ગતિશીલતાના પ્રતાપે થતી સમય અને તિથિઓની શુદ્ધાશુદ્ધ વધઘટનાં સામયિક માપો જેમકે, ચોઘડિયાં, તિથીની વધઘટ, પ્રતિવર્ષ સામાન્યતઃ વર્ષના બાર મહિનામાં પ્રત્યેક ત્રણ વર્ષે આવતા અધિક માસ ઈત્યાદિની સંધીઓનું ઊંડાણ પણ જાણી લીધું.

હવે શ્લોક-૮૧ પછીનાં સંલગ્ન શ્લોક-૮૨માં શ્રીવિઠ્ઠલનાથજીની સેવારીતિઓનાં દિશાસૂચન પર ભાષ્યકાર શ્રીશતાનંદ સ્વામી જે માર્મિકતા અને વિસ્તારથી દિવ્ય સમજણ આપી રહ્યા છે તેમાં ઊંડા ઉતરીયે.

**"માનવ વિચારવંત પ્રાણી ખરો, અનંતાનંત**
**વિચારોથી છલછલ ભર્યો;**
**પણ તેની દિશાસૂચન વિહીન દોટ, તેનો જ**
**ભવ વેડફે એજ ખોટ."**

માનવનું 'મન' અનેકાનેક જન્મોના સંકલનથી સામુદ્રિક મોજાઓની હલચલથી ખળભળેલું જ રહે છે. આ સમાન્ય પ્રક્રિયામાં તેનાં જ પૂર્વકર્મોદત્ત મળેલું છે. બસ આ જ પ્રક્રિયાને નિયંત્રિત કરવા મંદિરનાં પગથિયાંની ચડ-ઉતર, કથા-વાર્તાનું સતત શ્રવણ-ચિંતન અને સદ્ગુરુ કૃપા જ સત્સંગીના ભવહિતની દિશામાં તેની વ્યાકુળ વૈચારિક પ્રક્રિયાને ક્રમશઃ વાળી શકે ખરો, જો તેમાં સાતત્યસભર નિયમિતતા, વિનમ્રતા, સદ્ભાવ અને શુદ્ધ પ્રેમભરી પ્રયત્નશીલતા થતી રહેતી હોય. વળી પ્રત્યેક સંત કે સદ્ગુરુ પણ આવા વિશુદ્ધ ગુણિયલ સત્સંગીને જ હરહંમેશ ઝંખતા હોય છે. ભલે આવનાર સત્સંગી શરૂમાં એવી ગુણિયલતામાં સામાન્ય કક્ષા પર હોય તેને પણ મઠારતાં મઠારતાં 'એકાંતિક' ભક્તિ તરફ વાળતાં વાળતાં તેના તે જ જીવનમાં તેના અંતિમ શ્વાસ સુધી મોક્ષગામી પરાકાષ્ટાએ પહોંચાડતા જોવાયા છે. અને અંતિમ શ્વાસે પણ ષડક્ષરી મહામંત્ર જાપ જપતાં જપતાં સાંસારિક અલવિદા પણ ન કરીને મોક્ષમાર્ગે સીધાવી જાય છે.

**"ભગવંતાતવાર વલ્લભાચાર્ય ઘેર, ભગવાન**
**વિઠ્ઠલનાથજી પ્રગટ્યા;**
**સ્વામિનારાયણ સંપ્રદાયે તેમના, વ્રતો-**
**રીતભાતો નિષ્ઠાથી ચલાવ્યા"**

જેમ માનવ તેની આગળની પેઢીને વારસામૃત અર્પણ કરીને જ જાય છે, તેવી જ રીતે મત્સ્યાવતારથી શ્રીકૃષ્ણાવતારે અને તેનાથી પણ આગળની પેઢી આપણે સૌ સત્સંગીઓ તથા સર્વે

મનુષ્યોને શ્રીસહજાનંદ સ્વામી મહારાજે 'વદિતમ્ વચનામૃતમ'... અને કથિતમ શિક્ષાપત્રીનું વારસામૃત ત્રણસો વર્ષોના સમયમાંજ આપણની અગાઉની પેઢીને રૂબરૂબ સર્વાવતાર સ્વરૂપે વારસામૃત આપતા જ ગયા છે. એ આપણા સંપ્રદાયનો દિવ્યોત્તમ ઈતિહાસ છે, અને તેમની આજે ઝગમગતી બેઠકો તથા દિવ્ય ચરણકમલ ચિહ્નો ભૌગોલિક સાક્ષી પૂરી રહ્યાં છે.

"હું કરું, હું કરુ ત્યજો તો, તું કરે, તું કરે, દઢ થા; ઉત્તમોત્તમ સજગતા જ, સેવા માર્ગે રોમેરોમ જા."

કર્માનુંબંધી જીવનું મર્કટવેડા કરતું 'મન' કર્માધિન કલ્પનાઓ અને અનન્ય વિચારોને જાણ્યે-અજાણ્યે, ટાણે-કુટાણે, પરાણે-પરાણે સાંસારિક, કૌટુંબિક, ધન-સમૃદ્ધિની કીર્તિ-અપકીર્તિમાં જ આળોટવાનું પસંદ કરતું જોવા મળે છે.

આ સ્થિતિ ભ્રમિત છે, જન્મ-મરણના અગણિત ચકરાવામાં નાખનારી છે. ચૌર્યાશી લાખ યોનિઓમાં કુચક્કર લગાવ્યા બાદ મળેલ 'માનવ' દેહને ફરી પાછો ગર્તામાં જ રગદોળવાની છે. જેમ દેશને ઊંચો લાવવા રાષ્ટ્રપતિ કે વડાપ્રધાન સાવધાન કરે તેમજ મંદિરના પગથિયાં ચડનારા ભક્તોને પણ પરમ પૂજ્ય ધર્મધુરંધર, સંપ્રદાયના મૂળ સ્થાપક શ્રીહરિ જ સાવધાન કરે છે...!

ગુજરાતી શબ્દકોષમાં એક અદ્ભુત શબ્દ છે 'સજાગતા' ભક્તે પણ આ શબ્દને પૂર્ણપણે સમજીને આજીવનપણે મંદિર, ગુરુ, સદ્ગુરુ, કથા-વાર્તા, કીર્તન-ભજન, સમૈયા ઈત્યાદિ તો ખરાંજ..સૌએ સજાગતાથી એટલે પૂર્ણ જાગૃતિથી જ બધામાં સામેલ થવું. પરંતુ સહજાનંદ સ્વામી મહારાજે, શ્રીનરનારાયણદેવ ઈત્યાદિક મૂર્તિઓનાં દર્શન પણ આંખ ખોલીને એવાં પ્રેમથી, ઊંડાણથી, એકાગ્રતાથી અને સજાગતાથી કરવાં કે મૂર્તિ આપણાંજ હૃદયમાં જીવંત બની આપણી સાથે જાણે વાતચિત ન કરતી હોય તેવી દિવ્ય ભાવનાનો અનુભવ કરતા જ રહો. કરતા જ રહો.. તો તે અવશ્ય ફલિત થશે જ.

"જગતની પ્રત્યેક અવસ્થા, જીવને રોમેરોમમાં નડે;
પંચભૂતને જે જે જીવતાં નડે, અવતારી પ્રભુને પણ તે તે નડે."

પ્રત્યેક જીવને શિયાળે ગરમ કપડાં, ઉનાળે પાતળું પહેરણ ને ચોમાસે છત્રીની રક્ષા જોઈએ. સવાર-સાંજની આહલાદ્કતા, ભર બપોરે તાપનો પ્રકોપ બધું નડે. ઘર, મહોલ્લા, ગામ, શહેર, રાજ્ય કે રાષ્ટ્ર પોતાને અનુકૂળ ન હોય તો બધુંય નડે. માટે જ પ્રાણપ્રતિષ્ઠિત પ્રભુ મૂર્તિની સેવામાં પણ આવી બધીજ અનુકૂળતાઓ અવશ્ય ખપે. આ તો મંદિર સેવા, સંત, સદ્ગુરુ સેવા, પ્રભુ સેવાના રોજિંદા જીવનમાં આવી સજાગતા સભર સેવા જ તે જીવને સતત ક્રમશઃ ઉપરને ઉપર ઉઠાવતી જાય છે. જેમ આપણે કુટુંબમાં બાળકોના ભભકાદાર પોષાક, હેપ્પી બર્થડેની ઉજવણી અને લગ્નની આપણી એનિવર્સરી-વર્ષગાંઠ મનાવીએ તેમ જ ભગવાનની દિવ્ય મૂર્તિનાં ઝગમગાટ કરતાં કલ્પનાતિત વાઘાઓ, મંદિરનો સુંદરતમ પુષ્પો, સોનું, ચાંદી તથા હિરા-માણેક સભર શણગાર પણ પ્રભુ સેવામાં અનિવાર્ય છે. અનુભવે મને એવું પણ લાગ્યા કરે છે કે, સ્વામિનારાયણ મંદિર આવી શોભાયમાનતામાં વિશ્વભરમાં અગ્રિમ સ્થાને હોય પણ ખરું.

સજાગતાભરી મંદિરની આવન-જાવન અને પ્રત્યેક સત્સંગીનું સજાગતાભર્યું રોજીંદુ જીવન જ તેને આ જન્મે અદના આદમીથી ઉપર ઉઠાવી મોક્ષમાર્ગી થવાનો અબાધિત હક્ક અવશ્ય આપે જ છે. આવાં પ્રયત્નો કરનારા સંતો-સદ્ગુરુઓથી

સંપ્રદાય ભર્યોભર્યો અવશ્ય છે જ. ને હવે જો આપણને પણ આપણો વારો આવતો લાગતો હોય તો તેવી ઉત્તમોત્તમ સ્થિતિને સજાગતાથી વળગી સંસાર સાગર તરી જવામાં જ સાર સમજી લેવાનો છે.

"કરીએ કેસરિયાં પ્રભુ ભક્તિના,
વિઠ્ઠલનાથજીની દિવ્ય આજ્ઞા જ;
અંધારા અજ્ઞાનનાં ઉલેચી જાશે, દેદિપ્યમાન
સેવા-રીતિ ઝળકી જાશે."

## THE COMPANY OF SAINTS IS THE PATH OF SALVATION

वदामि न ह्यम्मयानि तीर्थानि न देवा मृच्छिलामयाः । ते
पुनन्त्युरुकालेन दर्शनादेव साधवः ॥ भाग.पु. १०.४८.३१

No one will deny that there are many sacred rivers in many places of pilgrimages or that the idols of deities are made of clay and stone in many temples. But all these purify the soul only after a long time, whereas the soul becomes pure just by darshan of the saints.

A man from the warrior community of Kanthkot village married off his daughter named Manubai to a Meer from Sindh Desh (Pakistan). Unfortunately, she was widowed and came back to her father's place to stay. Her sisters-in-law used to scold her, taunt her and mock her, "Keep shut you widow. You are a Muslim. What right have you to answer us back?" These words used to pierce her like an arrow but she quietly tolerated everything. But once her sisters-in-law crossed all limits of decorum and their words hurt her to the very core of her heart. Unable to bear this torture she decided to commit suicide. She mixed poison in a bowl of water and was just to drink it when a lady from the neighborhood said, "Oh Manu! Saints of the Swaminarayan community have come. We are going for their darshan. You may join us if you wish." She thought, "as it is I want to die, at least let me perform darshan of saints prior to dying." Thinking so, she placed the vessel back and departed for performing darshan.

Sadguru Muktanand Swami had come there. In those times saints never used to come in contact with women, but used to speak to them from afar. This lady bowed and then folding her hands sat at a distance. Muktanand Swami gave his discourse. "It is very rare to attain a human form in this world. It's equal to a Chintamani. Despite being gifted with such a body which is desired by even deities, as it is the source of attaining salvation, if a human being does not aim for his salvation and on the contrary tries to commit suicide by any means like consuming drugs,

poison or jumping into a well simply because he/she is fed up of the taunts and insults hurled at someone by lowly men then there is no greater sinner than him/her. He/she cannot attain salvation by any means. And he/she continues to be immersed for infinite ages in this world in a vicious cycle of life and death." Therefore, Lord Swaminarayan had ordered in shikshapatri (shlok 14) that, "None shall commit suicide even at place of pilgrimage out of superstition, or out of anger, frustration caused by some unworthy behavior, or by consuming poison, or by strangulation, or by drowning." Hence how much ever one insults us, taunts us, ignores us or speaks to us in bad language yet we should never resort to suicide. We should seek shelter in God or in spiritual saints and divert ourselves to the path of salvation. Muktanand Swami said a lot of things of this type. Hearing this, the lady had change of heart and she said, "swamiji!, you are like God himself. From today I belong to the Swaminarayan sect. Henceforth I shall chant "Swaminarayan, Swaminarayan." Saying so she repeatedly bowed at his feet and threw away the poison. Then from that day onwards she started chanting the name of Swaminarayan while walkin drinking, working, sitting or sleeping. This turned her enemies also into her friends. In this way that lady was purified by the darshan of Muktanand Swami and was saved from death. Then he departed with the message, "come to gadhada."

What is the Influence being with company of saint, Lord Swaminarayan himself said a story in Vachanamrut (G.P.P-70) That, Many thieves lived in a Village. One of the thieves often kept the company of a sadhu. Then one day, while the thief was on his way to visit the sadhu, a thorn pierced his foot. As a result, his foot became swollen and he was unable to accompany the other thieves in a robbery. The other thieves, who went to steal, broke into a king's treasury and escaped with a great deal of money, which they shared among themselves. Naturally, a lot of money came their side. On hearing this news, the parents, wife, and relatives of the thief who used to sit with the sadhu and who was injured, scolded him: "Because you went to the sadhu instead of going to steal, we lost out money. The thieves who did go to steal returned with lots of money." Meanwhile, the king's army arrived, arrested all the thieves, and took them away to be executed on a Shuli.

The injured thief was also caught and sentenced to execution. However, all of the villagers and the sadhu stood witness and said, "This particular man was not involved in the theft as he had been hurt by a thorn." The thief was then released.

"In the same way, if a person who practices satsang, were to face the suffering of being executed on a shuli, it would be reduced to the pain of a mere thorn-pick. After all, I have asked Ramanand Swami, "If your satsangi is destined to suffer the distress inflicted by the sting of one scorpion, may the distress of the stings of millions and millions of scorpions occur at each and every pore of my body, but no pain should distress your satsangi. Moreover, if the begging bowl is written in the prarabdha (fate, destiny,doom) of your satsangi, may that begging bowl come to me, but your satsangi should not suffer from the lack of food or clothing. Please grant me these two boons." I asked this of Ramanand Swami, and he happily granted it to me.

Therefore, someone is willing for salvation, should keep the company of saints and good people who are in the way of salvation.

- Swami Harivadan Dasji -Bhuj

# સત્સંગ સમાચાર - દેશ

## શ્રી સ્વામિનારાયણ પ્રસાદી મંદિર ભુજ ૧૪ માં વાર્ષિક પાટોત્સવની ઉજવણી

શ્રીસ્વામિનારાયણ પ્રસાદી મંદિર ભુજમાં બિરાજમાન શ્રીઘનશ્યામ મહારાજનો ૧૪ મો વાર્ષિક પાટોત્સવ તા.૨૪/૫/૨૪ થી તા.૨૮/૫/૨૪ દરમિયાન ખૂબ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો.

અ.નિ.સદ્ગુરુ સ્વામી હરિસ્વરૂપદાસજીના મંડળના વર્તમાન મંડળધારી સદ્ગુરુ કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી તથા મંડળના સંતો દ્વારા ગામ નારાણપર ઉપલાવાસના મહંત સાં.યો.દેવબાઈ ફઈ, સાં.યો.પુરબાઈ ફઈ તથા સાં.યો.કાન્તાબાઈ ફઈ સમગ્ર મહોત્સવના યજમાનપદે રહ્યાં હતાં.

તા.૨૪/૫/૨૪ ના શ્રીસ્વામિનારાયણ ફૂલવાડીથી સવારે ૮ કલાકે પોથીયાત્રાનો પ્રારંભ



થયો હતો, જેમાં ડી.જે. તથા યુવતી મંડળની યુવતીઓ દ્વારા બેન્ડપાર્ટીના તાલે વડીલ સંતો અને પોથીજીને બગી ઉપર બિરાજમાન કરી અનેક સંતો તથા સાં.યો.બહેનો તેમજ ભક્ત સમુદાય સાથે વાજતે ગાજતે પોથીયાત્રા સંપન્ન થઈ પ્રસાદી મંદિર સુધી પહોંચી હતી.

પરમ પૂજ્ય મહંત સ્વામી, પૂજ્ય ઉપમહંત સ્વામી, સદ્ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સદ્ગુરુ સ્વામી નારાયણવલ્લભદાસજી,

સદ્‌ગુરુ સ્વામી મુકુંદજીવનદાસજી, સદ્‌ગુરુ સ્વામી શ્રીહરિદાસજી, સદ્‌ગુરુ સ્વામી દેવકૃષ્ણદાસજી, સદ્‌ગુરુ સ્વામી અક્ષરવલ્લભદાસજી, સદ્‌ગુરુ સ્વામી જ્ઞાનપ્રકાશદાસજી, સદ્‌ગુરુ સ્વામી વિશ્વપ્રકાશદાસજી આદિ સમસ્ત સંતો, ભક્તો તેમજ સમસ્ત સાંખ્યયોગી બહેનોના કરકમળ દ્વારા દીપ પ્રાગટ્ય કરી કથાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.



વક્તા શાસ્ત્રી સ્વામી મુરલીમનોહરદાસજીએ વચનામૃતના સંશોધિત સંતોના જીવન કવન ઉપર આગવી છતાં સાહિત્ય સભરતાથી સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી, સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી અને સદ્‌ગુરુ મુકતાનંદ સ્વામીના જીવન કવનની સુંદર કથા રસને રેલાવી... બપોરપછી શાસ્ત્રી સ્વામી આનંદવલ્લભદાસજીના મુખે શ્રીહરિ ચરિત્રામૃત સાગરની કથામાં સૌએ સ્નાન કર્યું. જેમાં દરરોજ બપોરપછી શ્રીઘનશ્યામ જન્મોત્સવ, ગાદી પટ્ટાભિષેક, ભુજ આગમન મહોત્સવ જેવા અનેક ઉત્સવો ધામધૂમથી ઉજવવામાં આવ્યા હતા. સાથે



સંગીતકાર સ્વામી શ્રીજીનંદનદાસજીએ પોતાનો કંઠ આપ્યો હતો.

શાસ્ત્રી સ્વામી સુખદેવસ્વરૂપદાસજીએ પણ સદ્‌ગુરુ નિત્યાનંદ સ્વામી અને સદ્‌ગુરુ શુકાનંદ સ્વામીના જીવન કવનના દર્શન વ્યાસાસન ઉપરથી સૌને કરાવી મંત્રમુગ્ધ કર્યા હતા.

તા.૨૬/૫/૨૪ ના સાંજે ૬ કલાકે અમદાવાદથી પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્ય શ્રીકૌશલેન્દ્રપ્રસાદજી મહારાજનું આગમન થયું



હતું. આજના દિવસે શ્રીઘનશ્યામ મહારાજને રજત જડીત વાઘા ભુજ મહિલા મંદિરના મહંત સાં.યો.સામબાઇ ફઇ દ્વારા અર્પણ કરવામાં આવ્યા હતા.



તા.૨૭/૫/૨૪ ના પ્રાતઃકાલે ૭ કલાકે પ.પૂ.મહારાજશ્રીના વરદ્‌હસ્તે શ્રીઘનશ્યામ મહારાજનો કેસરજળથી અભિષેક કરવામાં



આવ્યો જેના દર્શન કરી સર્વે સંતો ભક્તો તૃપ્ત થયા હતા. આ પ્રસંગે દરરોજ પુજારી સંતોએ શ્રીઘનશ્યામ મહારાજને ફળ, જ્યુસ, ફરસાણ, મિષ્ટાનના અન્નકૂટ અર્પણ કરી આહ્‌લાદક દર્શનની ઝાંખી કરાવી હતી.

તા.૨૮/૫/૨૪ ના સવારે સંતોના વરદ્‌હસ્તે પંચામૃત અભિષેક કરવામાં આવ્યો હતો. આ દર્શન માટે સમગ્ર ભુજ શહેર તેમજ નારાણપર ગામ આજુબાજુના ગામોથી હરિભક્તોની ભીડ જામી હતી. છપ્પન ભોગ અન્નકૂટ પણ શ્રીઠાકોરજી સમક્ષ ધરવામાં આવ્યો હતો. સાથે સાથે ચોવિસ ગામની મંડળીવાળા ભકતોએ શ્રીઠાકોરજીની નગરયાત્રા શ્રીનરનારાયણદેવના દ્વારેથી વાજતે ગાજતે પ્રસાદી મંદિર સુધી લાવી સમગ્ર મહોત્સવને ચાર ચાંદ લગાવી દીધા હતા.

પરમ પૂજ્ય મહારાજશ્રીએ ખૂબ રાજીપો વ્યક્ત કરી સત્સંગના હિતની વાત કરી, એમના પૂર્વ સંસ્મરણોની યાદોને તાજી કરી હતી. સાંખ્યયોગી બહેનો પર પ્રસન્નતા વ્યક્ત કરી રાજીપા સ્વરૂપે નારાણપર ઉપલાવાસના સાં.યો. બહેનોને પ્રસાદી





મંદિર વતી સુંદર અને રમણીય શ્રીઘનશ્યામ મહારાજની મૂર્તિ સાથે પ્રસાદીની વસ્તુ જડિત તકતો અર્પણ કરવામાં આવ્યો હતો. તેમજ ભુજ મંદિર વતી પણ પૂજ્ય મહંત સ્વામી આદિ સંતોએ પહેરામણી અર્પણ કરી સાથે સાથે આશીર્વચન



પાઠવ્યા હતા. પૂ.ઉપમહંત સ્વામી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સદ્‌ગુરુ સ્વામી શ્રીહરિદાસજી, સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજી, સદ્‌ગુરુ સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી, સદ્‌ગુરુ સ્વામી મહાપુરુષદાસજી, સદ્‌ગુરુ સ્વામી દેવપ્રકાશદાસજી આદિ તમામ સંતોએ આશીર્વાદ પાઠવ્યા હતા. સમગ્ર મહોત્સવનું સભા સંચાલન શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીએ સંભાળ્યુ હતું.





પાટોત્સવ પ્રસંગે સુવર્ણનું દાન પણ યજમાનો દ્વારા કરવામાં આવ્યું હતું. વિદેશથી પણ કેટલાક ભક્તો ખાસ આ પ્રસંગે હાજર રહ્યા હતા. મંડળના મહંત સદ્‌ગુરુ કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજીના નેતૃત્વ હેઠળ સમગ્ર મહોત્સવનું સંકલન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવને દિપાવવા માટે અંજાર, માંડવી, ભુજ તેમજ સમગ્ર શૈક્ષણિક સંસ્થાનું સંચાલન કરતા સંતો પધારી દર્શન અને આશીર્વાદનો લાભ આપ્યો હતો. તેવીજ રીતે સમગ્ર કચ્છ ચોવિસી, વાગડ અને અબડાસા પ્રાંતોના મંદિરોમાંથી બહોળી સંખ્યામાં સાં.યો. બહેનોએ પધારી પોતાનું સ્થાન શોભાવ્યું હતું. આ પ્રસંગે રસોડાની સંપૂર્ણ જવાબદારી સદ્‌ગુરુ સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજીએ સંભાળી હતી.

અહેવાલ - સ્વામી આનંદવલ્લભદાસજી

## માધાપર નવાવાસ શ્રીસ્વામિનારાયણ મંદિરે ૧૨૬ મા વાર્ષિક પાટોત્સવની ઉજવણી

માધાપર નવાવાસ મધ્યે ૧૨૬ મો વાર્ષિક પાટોત્સવ ખૂબ ધામધૂમથી ઉજવાયો. સાં.યો. નંદુબાઈ દેવજી વરસાણીના યજમાનપદે હરિસ્મૃતિ પંચાહ્ન પારાયણનું આયોજન તા.૫-૬-૨૦૨૪ થી ૯-૬-૨૦૨૪ સુધી કરવામાં આવ્યું હતું. વક્તાપદે મંડળધારી સદ્‌ગુરુ સ્વામી દેવકૃષ્ણદાસજીના મંડળના સંતો શા.સ્વામી સુખનંદનદાસજી તથા પુ.સ્વામી રામકૃષ્ણદાસજી



રહ્યા હતા. સુમધુર શૈલીમાં કથામૃતનું રસપાન કરાવી શ્રોતાજનોને પ્રભુભક્તિમાં પ્રેમમગ્ન કર્યા હતા. સંગીતજ્ઞ સ્વામી હરિજીવનદાસજી તથા તેમની ટીમે સૂરાવલીના સાથ સાથે સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. સભા સંચાલક શા.સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી તથા સ્વામી પતિતપાવનદાસજી રહ્યા હતા.





ભુજ મંદિરેથી ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી, સદ્‌ગુરુ કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી, સદ્‌ગુરુ સ્વામી શ્રીહરિદાસજી, સદ્‌ગુરુ સ્વામી હરિબળદાસજી, સદ્‌ગુરુ સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી, સ્વામી મુક્તવલ્લભદાસજી, સદ્‌ગુરુ સ્વામી ગોલોકવિહારીદાસજી, સ્વામી ભક્તિપ્રિયદાસજી, સદ્‌ગુરુ સ્વામી નારાયણવલ્લભદાસજી, સ્વામી ઘનશ્યામવલ્લભદાસજી, સ્વામી શ્રીપ્રકાશદાસજી, સ્વામી અક્ષરવિહારીદાસજી આદિ નાના મોટા સંતો પધારી આશીર્વાદ પાઠવ્યા હતા.

કથામાં પાંચેય દિવસ ૨૪ ગામના સાં.યો. બહેનો પધાર્યા હતા. કથામાં પધારેલ સર્વે ભક્તો માટે શેરડી રસ, આઈસક્રીમ, જ્યુસ

વિગેરેની વ્યવસ્થા કરવામાં આવી હતી. પાટોત્સવના દિવસે સવારે અભિષેક, અન્નકૂટ અને શોભાયાત્રામાં ચોવિસીના મંડળીવારા ભક્તો





પધારી શોભામાં અભિવૃદ્ધિ કરી હતી. કથા પ્રસંગે પાંચે દિવસ સર્વે સત્સંગીઓને સઘરી આમંત્રણ



મહાપ્રસાદ તથા છેલ્લે દિવસે આખા ગામને મહાપ્રસાદનું આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું.

કથા અંતર્ગત રાત્રિ કાર્યક્રમોમાં સાંસ્કૃતિ કાર્યક્રમ, રાસોત્સવ, સત્સંગ ગેમ, સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. કથાના પાંચેય દિવસ ગાયોને ઘાસચારો નિરવામાં આવ્યો હતો.

આ ઉત્સવમાં સર્વે ગામજનોએ લાભ લઈ ઉત્સવ રંગેચંગે ઉજવ્યો. જાદવજીભાઈ





વરસાણીએ આભારવિધિ સાથે આ ઉત્સવને સમાપનની જાહેરાત કરી સૌનો આભાર માન્યો હતો.

અહેવાલ- ભીમજીભાઈ મુરજી ભુડિયા-માધાપર

## શ્રી સહજાનંદ ગુરુકુળ માનકુવા ખાતે ઉજવાયો ભવ્ય વિદ્યારંભ સંસ્કાર તેમજ ધોરણ ૧૦ અને ૧૨ ના તેજસ્વી વિદ્યાર્થીઓને અપાઇ શિષ્યવૃત્તિ

શ્રીસહજાનંદ ગુરુકુળ માનકુવા સંચાલિત શ્રીપુરુષોત્તમ વિદ્યાલય ગુજરાતી માધ્યમ અને એસ.એસ.જી.એમ. સ્કૂલ (C.B.S.E.) અંગ્રેજી માધ્યમના સંયુક્ત ઉપક્રમે પૂજનીય મંડળધારી સ્વામી દેવકૃષ્ણદાસજી, મંડળધારી શાસ્ત્રી સ્વામી ગોલોકવિહારીદાસજી, પ્રમુખ શાસ્ત્રી સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી, શાસ્ત્રી સ્વામી ભક્તિપ્રિયદાસજી આદિ સંતોની પ્રેરક ઉપસ્થિતિમાં ગુરુકુળમાં નવો પ્રવેશ મેળવનાર



વિદ્યાર્થીઓના શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ અંતર્ગત વિદ્યારંભ સંસ્કાર, ગુજરાત માધ્યમિક-ઉચ્ચત્તર માધ્યમિક બોર્ડમાં એ-વન, એ-ટુ ક્રમાંક મેળવનાર વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ તેમજ ઈનામરૂપે શિષ્યવૃત્તિ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો.

સંગીત શિક્ષક રવજીભાઈ આશાણી તેમજ સંગીત વિદ્યાર્થી વૃંદ દ્વારા કાર્યક્રમની શરૂઆત સંગીતમય ગણેશ સ્તુતિ તથા પ્રાર્થનાથી કરવામાં આવી. શિક્ષક શ્રીહાર્દિકભાઈ વ્યાસે ઉપસ્થિત સંતશ્રીઓ તેમજ અતિથીશ્રીઓનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત પૂજનીય સંતો, ટ્રસ્ટીગણનું પુષ્પગુચ્છ દ્વારા અભિવાદન કરવામાં આવ્યું હતું. આચાર્યશ્રી મદનસિંહ ચાવડાએ ગુરુકુળના શિક્ષણ સહ સંસ્કાર, શિસ્ત, સદાચાર, સહઅભ્યાસિક પ્રવૃત્તિઓની ઝાંખી કરાવતું પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. તેમજ વિદ્યાર્થીઓએ C.B.S.E. તેમજ ગુજરાત બોર્ડમાં મેળવેલી જલવંત સફળતા અને સિદ્ધિની ઝાંખી કરાવી હતી. સંસ્થાના મુખ્ય ટ્રસ્ટીશ્રી લક્ષ્મણભાઈ શીયાણીએ નવો પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓના શાબ્દિક સ્વાગત સહ શિક્ષણની સાથોસાથ શિક્ષણેતર પ્રવૃત્તિઓ, કલા, સંસ્કૃતિ તેમજ જીવનના દરેક ક્ષેત્રમાં સતત આગળ વધતા રહેવાનું પ્રેરણાદાયી પ્રવચન આપ્યું હતું.

પરમ પૂજ્ય સંતશ્રીઓના વરદ્ હસ્તે ગુરુકુળમાં નવો પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓનું ભારતીય સંસ્કૃતિના પ્રતિક સમાન ચંદન તિલકથી ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. સાથોસાથ બંને માધ્યમના બોર્ડમાં શ્રેષ્ઠ પ્રદર્શન બદલ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ગુરુકુળમાં નવનિયુક્ત શિક્ષકશ્રીઓનું પણ સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમજ જ્ઞાન મેળવવાની તત્પરતા કેળવવા બાબતે જેમ.કોમ.(જેમ કહો એમ) ડિગ્રીની મહત્તા સમજાવી આશીર્વાદ આપ્યા હતા. ગુરુકુળના સંચાલક શા.સ્વામી આનંદસ્વરૂપદાસજી તથા સ્વામી ઉત્તમપ્રિયદાસજી, સ્વામી ધ્યાનસ્વરૂપદાસજી, સ્વામી નારાયણદાસજી, સ્વામી નીલકંઠદાસજીએ નવા નામાંકન થયેલ વિદ્યાર્થીઓને શુભેચ્છારૂપે આશીર્વાદ આપ્યા હતા. કાર્યક્રમને અંતે દરેક વદ્યાર્થીઓ, ટ્રસ્ટીશ્રીઓ, શિક્ષક મિત્રો, અન્ય સ્ટાફ મિત્રો દરેકને આઈસક્રીમનો પ્રસાદ અપાયો હતો. કાર્યક્રમનું સંચાલન હાર્દિકભાઈ વ્યાસે કર્યું હતું.

અહેવાલ - સ્વામી આનંદસ્વરૂપદાસજી

## શ્રી સ્વામિનારાયણ મંદિર દહીંસરા ૧૩૧ મા વાર્ષિક પાટોત્સવની ઉજવણી

શ્રીસ્વામિનારાયણ મંદિર દહીંસરા મધ્યે ૧૩૧ મા વાર્ષિક પાટોત્સવ અંતર્ગત તા.૨૨/૫/૨૪ થી તા.૨૬/૫/૨૪ સુધી શ્રીપ્રેમાનંદ સ્વામી કૃત “વંદુ સહજાનંદ રસરૂપ” પદની પંચાહ્ન પારાયણનું ભવ્ય આયોજન પ.ભ. શ્રીનાનજીભાઈ પ્રેમજી લીંબાણી, ધ.પ.રતનબાઈ સપરિવારના યજમાનપદે કરવામાં આવ્યું.

જેમાં તા.૨૨/૫/૨૪ બુધવારે સવારે ભાઈઓના મંદિરેથી વાજતે ગાજતે સંતો-યજમાન પરિવાર તથા ભકતજનોની ઉપસ્થિતિમાં પોથીયાત્રાનું ભવ્ય આયોજન થયું. જેમાં ગામજનો ઉમંગ-ઉત્સાહ સાથે જોડાયા હતા. પોથીયાત્રા કથામંડપમાં પહોંચી. સ્થાપન-પૂજન થયા બાદ મહંત સ્વામી આદિ સંતો, યજમાન પરિવારની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય સાથે કથાનો શુભારંભ થયો હતો.

કથાના વકતાપદે પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજી તથા પુરાણી સ્વામી દેવવિહારીદાસજીએ સંગીતજ્ઞ સંતો સ્વામી જનમંગલદાસજી તથા સ્વામી દેવપ્રિયદાસજીના સથવારે સુમધુર શૈલીમાં કથામૃતનું રસપાન કરાવી ભકતજનોને પ્રભુ પ્રેમમાં તરબોળ કર્યા હતા. સભાનું સંચાલન શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રકાશદાસજી તેમજ સ્વામી આનંદમુનિદાસજીએ સંભાળ્યું હતું.

કથા અંતર્ગત તા.૨૪/૫/૨૪ શુક્રવારના સાંજે ભવ્ય મહારાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. તથા તા.૨૫/૫/૨૪ શનિવારે સવારે સંતો-ભક્તો મંડળીવાળા ભક્તો સંગીતની સૂરાવલીઓ સાથે દહીંસરા ગામની શેરીએ શેરીએ ઠાકોરજીની શોભાયાત્રાનું આયોજન જેમાં ગ્રામજનો બહોળી





સંખ્યામાં જોડાયા હતા. તા.૨૬/૫/૨૪ રવિવારે સવારે શ્રીઠાકોરજીનો પંચામૃત મહાભિષેક બાદ છપ્પનભોગ અન્નકૂટ ધરાવી આરતી કરવામાં આવી હતી.



આ ઉત્સવમાં ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી, સદ્‌ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજી, સદ્‌ગુરુ સ્વામી



મુકુંદજીવનદાસજી, સદ્‌ગુરુ સ્વામી હરિબળદાસજી, સદ્‌ગુરુ સ્વામી દેવકૃષ્ણદાસજી આદિ બ્રહ્મનિષ્ઠ સંતોની ઉપસ્થિતિમાં આ ઉત્સવ



દિવ્ય અને ભવ્ય રીતે ઉજવાયો હતો.

આ પ્રસંગે ભુજ, અંજાર, માંડવી, પ્રસાદી મંદિર અને ભુજ મંદિર સંચાલિત શૈક્ષણિક સંસ્થાનોમાંથી સંતો પધારી સત્સંગ, દર્શન અને આશીર્વાદનો અનેરો લાભ આપ્યો હતો. ચોવિસે ગામના સાં.યો. બહેનો પધારીને દર્શનનો લાભ આપ્યો હતો. તથા ગામેગામથી



બહોળી સંખ્યામાં હરિભક્તો પધારીને ઉત્સવનો લાભ લીધો હતો.

અહેવાલ - સ્વામી દેવવિહારીદાસજી

## પાર્લા વિશ્રાંતિ ભુવન મુંબઇ ખુથિયા-નિશર સત્સંગ સંમેલન

તા.૨૬/૫/૨૪ રવિવારના રોજ મૂળ ભચાઉ-નવાગામના ખુથિયા-નિશર પરિવારના ભક્તો માટે એક દિવસની સત્સંગ સભા રાખેલ હતી. જેમાં સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજી, સ્વામી શ્રીપ્રકાશદાજી, સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી, શાસ્ત્રી માવજી ભગત સ્થાનિકે સ્વામી રામપ્રિયદાસજી, સ્વામી રામનુજદાસજી, સ્વામી તીર્થમુનિદાસજી આદિ સંતોની ઉપસ્થિતિમાં ૨૦૦ વર્ષથી આ બંને પરિવારમાં સત્સંગ ચાલ્યો આવે છે. એમની વાતો સાથે કેમ આપણો આવતી પેઢીમાં સત્સંગના સંસ્કારો જળવાઇ રહે એવા હેતુથી આ સંમેલન યોજાયું હતું.

લગભગ ૪૫૦ થી ૫૦૦ હરિભક્તો ભાઇઓ-બહેનો પધાર્યા હતા. છેલ્લા ૫૦ વર્ષમાં પહેલું સંમેલન થયેલ જેમાં આટલી મોટી સંખ્યામાં





ભક્તો જોડાયા હતા. અને આવી રીતે વરસમાં ૬ વાર નાના મોટા આયોજનો બાળકો-યુવાનોને સાથે રાખી કરવાં એના માટે ૮ પુરુષો અને ૮ બહેનોની સમિતિ રચવામાં આવી હતી. સભામાં સંતોએ ઓશવાળ પરિવાર દ્વારા સત્સંગમાં થયેલ સેવાની નોંધ લીધી હતી.

સંતો સાથે વડીલ તેમજ યુવાન હરિભક્તો પોતાના વિચારો રજૂ કર્યા હતા. અને સંતો અમારી સાથે રહે તો અવશ્ય વર્ષના ૬ આયોજનો જરૂરથી થશે. આવી ઈચ્છા વ્યક્ત કરી હતી.

અહેવાલ - સંચાલક સ્વામી અક્ષરપ્રિયદાસજી

## સંતોની બદલી પાર્લા તા.૯/૬/૨૦૨૪ રવિવાર

ભુજ મંદિરની પરંપરા મુજબ દર વર્ષે સંતોની બદલી થાય એ અનુક્રમે સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજીના મંડળના સંતો સંચાલક શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી, કોઠારી સ્વામી રામપ્રિયદાસજી, ભંડારી સ્વામી રામાનુજદાસજી તથા પુજારી સ્વામી તીર્થમુનિદાસજી આદિ ચાર



સંતો ૧ વર્ષ મુંબઈ વિલેપાર્લા વિશ્રાંત ભુવનમાં રહી ગામદેવી, ગોરાઇ, કાંદીવલી, સાયન, અંધેરી વિગેરે વિસ્તારોમાં સત્સંગની પ્રવૃત્તિ સંભાળતા એક વર્ષ પૂર્ણ થતાં સદ્‌ગુરુ સ્વામી દેવકૃષ્ણદાસજીના મંડળના સંતો તા.૯/૬ ના પધારતા સત્સંગ સભામાં સંચાલક સ્વામી અક્ષરવિહારીદાસજી, કોઠારી સ્વામી માધવપ્રિયદાસજી, પૂજારી સ્વામી પ્રેમવિહારીદાસજી, વકતા સ્વામી ઘનશ્યામનંદનદાસજી ચાર સંતોને હારતોરા કરી નિમણુંક કરવામાં આવી હતી. અને વર્ષ દરમિયાન સેવા કરનાર સંતોને વિદાયગીરી અપાઇ હતી. આ પ્રસંગે ત્રિદિવસીય રાત્રી સત્સંગ સભા રાખવામાં આવી હતી. જેમાં સંચાલક શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજીએ મુક્તાનંદ સ્વામી રચિત મારા વ્હાલાજી શું વ્હાલપ દીશે રે અને નરસિંહ મહેતાનું પદ મારા હરજી શું હેત ન દીશે રે તેને સંગ શીદ



રહીએ આ બે પદો ઉપર વ્યાખ્યાન સાથે સમજાવેલ.

મોટી સંખ્યામાં પધારેલ હરિભક્તો તેમજ વર્ષ દરમિયાન આધોઇ, દુધઇ તેમજ સેલારીના સાં.યો.બહેનોની વર્ષ દરમિયાન સેવાને બિરદાવવામાં આવી હતી.વર્ષ દરમિયાન થયેલ અન્ય ધાર્મિક, સામાજિક, આરોગ્ય તેમજ શૈક્ષણિક કાર્યોની નોંધ સાથે યાદ કરાઇ હતી. વધતો રહેતો કચ્છ વાગડનો સત્સંગ શ્રીનરનારાયણદેવની કૃપા અને પૂ.મહંત સ્વામીના રૂડા આશીર્વાદથી સંતો-ભક્તોના પ્રયાસથી આગળ વધતો રહે એવી ભાવના વ્યક્ત કરવા સાથે મહાપ્રસાદ લઇ સૌ ભક્તો છૂટા પડ્યા હતા.

અહેવાલ - સ્વામી રામાનુજદાસજી

## ભુજ મંદિરમાં ૮ મંડળના સંતોની એક વર્ષ માટે સેવાની વરણી નીચે પ્રમાણે કરવામાં આવી હતી

આપણા ભુજ મંદિરની પરંપરાનુસાર પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ આપણા કચ્છ અને દેશવિદેશના સત્સંગ સંચાલન માટે અલગ-અલગ સંતમંડળને સંચાલન વ્યવસ્થા સોંપવા સંવત ૨૦૮૦ જેઠ સુદ-૫, તા.૧૧-૦૬-૨૦૨૪ના રોજ મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી, સદ્‌ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોની ઉપસ્થિતિમાં સર્વે સંતોની બેઠકમાં નીચે મુજબના મંડળધારી સંતોને દેશ-વિદેશ અને કચ્છ સત્સંગની સંભાળ માટે અલગ અલગ સેવા સોંપવામાં આવી હતી. તે નીચે મુજબના સંતો સંભાળશે.



(૧) અંજાર

સદ્‌ગુરુ સ્વામી ગોલોકવિહારીદાસજીનું મંડળ જેઠ સુદ-૫, તા. ૧૧/૬/૨૦૨૪ મંગળવાર.

★ અંજાર મંદિર શ્રીઘનશ્યામ મહારાજની સેવા પૂજા તથા તે વિસ્તારમાં સત્સંગ વિચરણ, કથાવાર્તા, ઉત્સવો પારાયણો ઉજવણી. ★ યુ.કે. દ્વિતીય સત્સંગ પ્રવાસ (ડિસેમ્બર). વિલ્સડલેન, બોલ્ટન, ઓલ્ડહામ, વુલ્વીચ, ઈસ્ટ લંડન અને કાર્ડીફ મંદિરના પાટોત્સવ પ્રસંગે યુ.કે.માં સત્સંગવિચરણ. ★શ્રી સહજાનંદ ગુરુકુલનું સંચાલન કરવું.

કોઠારી સ્વામી દેવસ્વરૂપદાસજી મોબાઈ-૯૮૭૯૫૨૨૪૯૫



(૨) ભુજ

સદ્‌ગુરુ સ્વામી કેશવજીવનદાસજીનું મંડળ:- જેઠ સુદ - ૬, તા.૧૨/૬/૨૦૨૪ બુધવાર

★ ભુજ મંદિર શ્રીનરનારાયણાદિ દેવોની સેવા પૂજા કરવી, ★ પ્રથમ આફ્રિકા સત્સંગ પ્રવાસ :- આફ્રિકા ખંડમાં રહેતા હરિભક્તોને સત્સંગનો લાભ આપવા માટે પૂર્વ આફ્રિકાના દેશોમાં સત્સંગ વિચરણ.



(૩) માંડવી

સદ્‌ગુરુ સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજીનું મંડળ જેઠ સુદ-૭, તા. ૧૩૬/૨૦૨૪ ગુરુવાર

★ માંડવી મંદિર - શ્રીવૃંદાવન વિહારી હરિકૃષ્ણ મહારાજ તથા શ્રીઘનશ્યામ મહારાજની સેવા પૂજા અને માંડવી વિસ્તારમાં કથાવાર્તા, ઉત્સવો પારાયણો ઉજવવી. ★ દ્વિતીય ઓસ્ટ્રેલિયા સત્સંગ પ્રવાસ. ઓસ્ટ્રેલિયા ખંડમાં રહેતા હરિભક્તોની સંભાળ માટે સત્સંગ વિચરણ. ★શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ ગાંધીધામનું સંચાલન કરવું. કોઠારી સ્વામી સંતજીવનદાસજી મોબાઈલ-૯૮૭૯૫૩૦૮૯૯



(૪) નાની વાગડ

સદ્‌ગુરુ સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજીનું મંડળ:-

★ નાની વાગડ, ★ મુંબઈ-થાણા, .(નોંધ :- બંને મંડળ સાથે મળીને તારીખ નક્કી કરીને બદલી કરવી.) ★ યાત્રા સત્સંગ પ્રવાસ-ભારત દેશમાં જ્યાં જ્યાં કચ્છના સત્સંગીઓ વસે છે ત્યાં સત્સંગવિચરણ :- માધાપર જુનોવાસ-નવોવાસ, હરિપર, ભચાઉ, નવાગામ, ખોખરા, ચીરઈ, ખારોઈ, ચોબારી, આધોઈ, કંથકોટ, સરદાર નગર, ધાણેટી, દુધઈ, ઈન્દ્રપ્રસ્થ, ધમડકા,

ભીમાસર, હિરાપર, નિંગાળ, સિનુગ્રા, દેવડિયા, કુંભારીયા આદિ ગામોમાં કથા-વાર્તા,પારાયણો, ઉત્સવો ઉજવવા. ★ શ્રી હરિ તપોવન ગુરુકુળ ગંગાજી-રામપરનું સંચાલન કરવું.



**(૫) રામપર દેશ**

**સદ્‌ગુરુ સ્વામી દેવકૃષ્ણદાસજીનું મંડળ:-**

★ રામપર દેશ ★ શ્રીસ્વામિનારાયણ વિશ્રાંતિ ભવન વિલેપાર્લા મુંબઈનું સંચાલન કરવું. (નોંધ :- બંને મંડળ સાથે મળીને તારીખ નક્કી કરીને બદલી કરવી.) ★ રામપર દેશમાં આવતા ગામડાંઓ :- મીરજાપર, ગોડપર, દહીંસરા, સરલી, રામપર જુનોવાસ-નવોવાસ, વેકરા, વાડાસર, સામત્રા, મેઘપર, નારાણપર ઉપલોવાસ-નીચલોવાસ, સુરજપર આદિ ગામોમાં કથા-વાર્તા,પારાયણો, ઉત્સવો ઉજવવા. ★ શ્રી સહજાનંદ ગુરુકુલનું સંચાલન કરવું.



**(૬) અબડાસા દેશ**

**સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજીનું મંડળ:-**

**જેઠ સુદ-૯, તા.૧૫/૬/૨૦૨૪ શનિવાર**

પ્રસાદી મંદિર-કોઠારી સ્વામી અક્ષરપ્રિયદાસજી મોબાઈલ-૭૫૬૭૨૦૬૦૦

★ અબડાસા દેશ :- ★ પ્રસાદી મંદિર શ્રીઘનશ્યામ મહારાજની સેવા પૂજા કરવી, ★પ્રથમ યુ.કે. સત્સંગ પ્રવાસ-વિલ્સડલેન, બોલ્ટન, ઓલ્ડહામ, વુલ્વીચ, ઈસ્ટ લંડન અને કાર્ડીફ મંદિરના પાટોત્સવ પ્રસંગે યુ.કે.માં સત્સંગવિચરણ. , સુખપર-રોહા, અંગીયા, રવાપર, નેત્રા, ઘડાણી, આમારા, દયાપર, દોલતપર, ભારાસર આદિ ગામોમાં કથા-વાર્તા, પારાયણો ઉત્સવો ઉજવવા. ★ શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ રાપર (વાગડનું) સંચાલન કરવું.



**(૭) મોટી વાગડ-રાપર પ્રદેશ**

**સદ્‌ગુરુ સ્વામી દેવપ્રકાશદાસજીનું મંડળ:-**

**જેઠ સુદ-૧૦, તા.૧૬/૬/૨૦૨૪ રવિવાર**

★ રાપર (વાગડ) દેશ :- ★ પ્રથમ ઓસ્ટ્રેલિયા સત્સંગ પ્રવાસ-ઓસ્ટ્રેલિયા ખંડમાં રહેતા હરિભક્તોની સંભાળ માટે સત્સંગ વિચરણ., ★ આફ્રિકા દ્વિતીય સત્સંગ પ્રવાસ (ડિસેમ્બર) આફ્રિકા ખંડમાં રહેતા હરિભક્તોને સત્સંગનો લાભ આપવા માટે પૂર્વ આફ્રિકાના દેશોમાં સત્સંગ વિચરણ., ★ રાપર, નવાપરા, કલ્યાણપર, રત્નેશ્વર, સેલારી, સગરામસર, શિવગઢ, ઉમૈયા, પદમપર, નવાપર, સણવા, આડેસર, પલાંસવા, ગાગોદર આદિ ગામોમાં કથા-વાર્તા, પારાયણો, ઉત્સવો ઉજવવા. ★શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ નારણપરનું સંચાલન કરવું.



**(૮) સુખપર દેશ**

**સદ્‌ગુરુ ઉપમહંત સ્વામી ભગવદ્‌જીવનદાસજીનું મંડળ:-**

★સુખપર દેશ, ★શ્રીસ્વામિનારાયણ વિશ્રાંતિ ભવન-ભાટ તથા અમદાવાદ કાલુપુર વિશ્રાંતિ ભુવનનું સંચાલન કરવું. (નોંધ :- બંને મંડળ સાથે મળીને તારીખ નક્કી કરીને બદલી કરવી.) ★ સુખપર, મદનપુર, નરનારાયણ નગર, માનકુવા, ભક્તિનગર, કોડકી, ફોટડી, કેરા-કુન્દનપુર, બળદિયા ઉપલોવાસ-નીચલોવાસ, મુન્દ્રા આદિ ગામોમાં કથા-વાર્તા, પારાયણો, ઉત્સવો ઉજવવા.

★ શ્રીસ્વામિનારાયણ સંસ્કારધામ માંડવીનું સંચલાન કરવું.

-----------------------------------------

ભુજ મંદિરમાં સ્થાનિક સેવાની વરણી આવતા અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવશે

-----------------------------------------

શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત શ્રીસ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન વિલેપાર્લા મુંબઇ તરફથી મહારાષ્ટ્ર રાજ્યના પેળ તાલુકાના તળવળી તેમજ વરવળે ગામે વનવાસી બાળકોને સ્કૂલ સામગ્રીનું તેમજ પ્રસાદનું પૂજ્ય સંતો દ્વારા વૈશાખ વદ-૧૧, તા.૩/૬/૨૦૨૪ ના રોજ વિતરણ કરવામાં આવ્યું હતું.

**નૂતન શ્રીસ્વામિનારાયણ મંદિર રાપર (વાગડ) ઓફિસ (કોઠાર) મોબાઇલ નંબર - ૯૨૬૫૨૫૨૫૯૬**

# સત્સંગ સમાચાર - વિદેશ

## શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર વુલ્વીચ વાર્ષિક સામાન્ય સભા

તા.૧/૬/૨૦૨૪ શનિવાર સાંજના ૬ વાગ્યે શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર વુલ્વીચ(લંડન) મંદિરની વાર્ષિક સામાન્ય સભા બોલાવવામાં આવેલ જેમાં તમામ ભક્તજનો ભાઈઓ અને બહેનોએ મોટા પ્રમાણમાં હાજરી આપેલ.

પ્રથમ સભાનો સમય થતા ઉપસ્થિત તમામ ભક્તજનોની રજાથી સભાનું કાર્ય શરૂ કરવામાં આવેલ.

પ્રથમ સભામાં ઉપસ્થિત તમામ ભક્તજનોનું પ્રમુખશ્રી પરબતભાઇ શીવજી કેરાઈએ સ્વાગત સન્માન કરેલ. ત્યારબાદ મંત્રીશ્રી હરીશભાઈ ધનજી હિરાણીએ જનરલ સભાની મિનિટ નોંધ તથા ગત વર્ષનો મંદિરનો અહેવાલ વાંચી સંભળાવેલ અને તમામ સભાજનોએ માન્ય રાખેલ.

ત્યારબાદ યુવક મંડળે મંદિરની પ્રવૃત્તિઓ અંગે માહિતી આપી ત્યારબાદ બાલકૃષ્ણ નર્સરી સંચાલકે નર્સરીની વર્તમાન પ્રવૃત્તિઓ અંગે માહિતી આપી ગત વર્ષના મંદિરનો આવક જાવકનો હિસાબ મંદિરના ખજાનચીની ટીમે વાંચી સંભળાવેલ તેમાં કોઈ સુધારોના જણાતા સર્વાનુમતે માન્ય રાખેલ ત્યારબાદ સભામાં ઉપસ્થિત થતા પ્રશ્નોના જવાબો સભા સંચાલકે સંતોષકારક આપેલ અને સભાજનોએ સંતોષ વ્યક્ત કરેલ. ત્યારબાદ આગામી વર્ષ માટે મંદિરની સેવામાં નવી કાર્યવાહી કમિટીની નિમણુંક કરવામાં આવેલ તે આ પ્રમાણે છે.

પ્રમુખશ્રી:- પરબતભાઇ શીવજી કેરાઇ-માંડવી, ઉપપ્રમુખશ્રી:- ધનજીભાઇ પ્રેમજી કાનજી-રામપર, મંત્રીશ્રી:- નિલેશ ભીમજી પિંડોરીયા-આ. સુખપર, ઉપમંત્રીશ્રી:- હરીશભાઇ ધનજી હિરાણી-અંજાર, સહમંત્રીશ્રી:- દિનેશ હરીશભાઇ હિરાણી-અંજાર, ખજાનચીશ્રી:- પરબત પ્રેમજી રૂડા - વેકરા, ઉપખજાનચીશ્રી:- ધનજી માવજી કેરાઇ - રામપર, સહખજાનચીશ્રી:- વિજય ધનજી ગામી - કેરા, વેડીંગ હોલ મેનેજમેન્ટ:- અરવિંદ શામજી ભંડેરી-વેકરા, કાર પાર્ક મેનેજમેન્ટ:- રમેશ પ્રેમજી હાલાઇ - માંડવી, આઇ.ટી. લીડ:- હીરજી પ્રેમજી હાલાઇ-માંડવી, સુરક્ષા લીડ:- જયંતી લક્ષ્મણ કેરાઇ-રામપર, ફાયર સેફટી લીડ:- સુનિલ શીવજી આશાણી - માંડવી, મેઇન્ટેનન્સ લીડ:- ધનજીભાઇ

પ્રેમજી કાનજી - રામપર, ઉત્સવ લીડઃ- હરેશ નારાણ વેકરીયા - માંડવી, યુવક મંડળ લીડઃ- ખુશાલ પરબત રૂડા - વેકરા, યુવક મંડળ લીડઃ- જીજ્ઞેશ પરબત હિરાણી - આ. સુખપર, સલાહકારઃ- રાજેશ હરજી કેરાઈ, સભ્યો :- ૧. હીરભાઈ કાનજીભાઈ ભુડિયા-વેકરા, ૨. જયંત પરબત હિરાણી-આ.સુખપર, ૩. ભાવેશ શામજી વરસાણી - વેકરા, ૪. વિનય પરબત કેરાઈ-માંડવી, હોલ્ડિંગ ટ્રસ્ટીઃ- ૧. પરબતભાઈ શીવજી કેરાઈ - માંડવી, ૨. ધનજીભાઈ પ્રેમજી કાનજી-રામપર, ૩. માવજીભાઈ દેવજી કેરાઈ - રામપર, ૪. પરબત પ્રેમજી રૂડા - વેકરા, ૫. પ્રેમજીભાઈ ભીમજી મનજી - દહીંસરા, કિચન ટીમઃ- ૧. પ્રેમીલાબેન પરબત રૂડા - વેકરા, ૨. કાંતાબેન સુનિલ આશાણી - માંડવી, ૩. પ્રેમીલાબેન માવજી પિંડોરીયા-આ. સુખપર, ૪. જશુબેન અરવિંદ ભંડેરી - વેકરા, ફુડ હાઈજીન ટીમઃ- રાધાબેન હરજીભાઈ રાબડીયા - સરલી.

આ પ્રમાણે ઉપરોક્ત કાર્યવાહી કમિટીની નિમણુંક સર્વાનુમતે કરવામાં આવેલ. અંતમાં નવા પ્રમુખશ્રી પરબતભાઈ શીવજી કેરાઈએ તમામ ભક્તજનોનો આભાર માન્યો અને નવા નિમાયેલા કાર્યકર્તાઓ તેમજ અન્ય ભક્તજનોને સંગઠિત રહી મંદિરની સેવા કરવાની ભલામણ કરેલ.

ત્યારબાદ બાલસ્વરૂપ શ્રીઘનશ્યામ મહારાજની જયઘોષ સાથે સભાનું વિસર્જન કરવામાં આવેલ.

અહેવાલ - મંત્રીશ્રી નિલેશ ભીમજી પિંડોરીયા-આ. સુખપર

શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન વિલે પાર્લે મુંબઈ તરફથી મહારાષ્ટ્ર રાજ્યના પેળ તાલુકાના તળવળી તેમજ વરવળે ગામે વનવાસી બાળકોને સ્કૂલ સામગ્રીનું તેજ પ્રસાદનું વિતરણ કરતા પૂજ્ય સંતો વૈશાખ વદ ૧૧, તારીખ ૩/૬/૨૦૨૪





વિલે પાર્લે વિશ્રાંતિ ભુવન મુંબઈમાં શ્રીઘનશ્યામ બાલ બાલિકા મંડળના સભ્યો માટે વેકેશનને રસપ્રદ બનાવવા બાલ આનંદનું આયોજન કરવામાં આવ્યું હતું.- અ. સ્વામી રામાનુજદાસજી





# શ્રી ઘનશ્યામ બાળસંદેશ

**(કચ્છ લીલા)** લેખક :- સાધુ સંતસ્વરૂપદાસજી

## સુખડી જમાડી

ભગવાન શ્રીહરિ પુનડી ગામમાં બિરાજમાન હતા. સુતાર લક્ષ્મીબાઈ આદિ ભક્તોએ શ્રીહરિ અને સંતોની ખૂબ સેવા કરી. પછી શ્રીહરિએ એક દિવસ સુતાર લક્ષ્મીબાઈને કહ્યું : "અમે કાલે સવારે નીકળીશું, પણ રસ્તાના અમે અજાણ છીએ માટે માર્ગ દેખાડવા કોઈક માણસને ભેળો મોકલજો." લક્ષ્મીબાઈએ રહેવા આગ્રહ તો કર્યો પણ મહારાજની જવા મરજી જાણી રોક્યા નહિ પણ લક્ષ્મીબાઈએ મનમાં વિચાર કર્યો કે, 'મહારાજ અને સંતો માનકૂવે મોડા પહોંચશે. રસ્તામાં ભૂખ લાગશે.' એમ વિચારી પ્રેમી ભક્ત એવાં લક્ષ્મીબાઈએ મહારાજ અને સંતો માટે સુખડી બનાવી. સવાર પડી, મહારાજ અને સંતો ચાલવા તૈયાર થયા ત્યારે સુખડીની માટલી ભરીને ભોમીયા માણસને આપી ને કહ્યું : "જ્યારે મહારાજ આ સુખડી જમીલે પછી પાછો વળજે તે પહેલા પાછો આવતો નહિ."

શ્રીહરિએ તે ભોમીયાને સાથે લઈને ચાલ્યા. ત્રણ ગાઉ ગયા. દહીંસરા ગામ આવ્યું. ત્યાં પટેલ ભાભાની વાડીએ કુવા પાસે આંબલીના વૃક્ષ નીચે ચાર ઘડી બેઠા. ત્યાંથી ચાલ્યા તે હરિસરોવરે પધાર્યા. દિવસ ઊગ્યાનો સમય થયો ત્યારે એક તેતર પક્ષી બોલ્યું.

તે સાંભળી શ્રીહરિ બોલ્યા : "આ તેતર એમ બોલે છે જે, આજ મુક્તાનંદસ્વામી ભુજ આવ્યા હોય, એમ બોલે છે." એમ કહીને શ્રીહરિ સંતોની સાથે ચાલ્યા તે ગામ ગોડપરની ભાગોળે થઈને ઝામારા સરોવરે આવ્યા. ત્યાંથી આગળ ચાલ્યા તે સમયે શ્રીહરિએ ભોમિયાને કહ્યું : "હવે તો માનકુવાનો માર્ગ દેખાય છે, માટે તમે પાછા વળો." માણસે કહ્યું : "લક્ષ્મીબાઈએ ટીમણ બંધાવ્યું છે, ને મને એણે કહ્યું છે જે, 'મહારાજ અને સાધુને આ ટીમણ જમાડીને પાછો વળજે.' તે સાંભળીને મહારાજ આગળ ચાલ્યા. ચાલતા ગોડપર ગામની સીમમાં એક ખારો વોરળો (છેલો) આવ્યો. તે વોકળાની વચ્ચે પથ્થરના ગડા ઉપર શ્રીહરિ બેઠા.

પછી શ્રીહરિએ સંતોને કહ્યું : "સંતો! અહીં બેસો અને આ ભોમીયા માણસે લાવેલ સુખડી જમો, સુખડીની માટલી ખાલી નહિ થાય તો આ માણસ પાછો નહિ વળે." ત્યારે આત્માનંદ સ્વામી કહ્યું : "હે મહારાજ! અહીં ક્યાંય પાણી નથી, પાણી આવે તો દાંતણ કરીએ, સ્નાન કરીએ પછી જમીએ." શ્રીહરિએ કહ્યું : "પરમહંસને વળી દાતણ શું કરવું ?" દાતણે ચાવવું ને આ સુખડીયે ચાવવી. પછી સંતોએ મહારાજના આદેશથી જમવા બેઠા. સંતોએ મહારાજને કહ્યું : "તમે પણ સાથે જમો." શ્રીહરિએ કહ્યું : "અમે નહિ જમીએ." મહારાજની આજ્ઞાથી સંતો જમ્યા. પછી પેલો ભોમીયો માણસ પાછો વળ્યો. અને સંતો ને મહારાજ ત્યાંથી આગળ ચાલ્યા. તે ગામ માનકુવાના વિસામાની ટોચે આવ્યા. તે ટોચ ઊતરતાં પાંચાવાળી તળાવ આવી. ત્યાં શ્રીહરિ કેરડાના વૃક્ષનું એક કઠણ દાતણ લીધું. પછી જળ વડે કોગળો કરીને લીંબડાના વૃક્ષ નીચે કેરડાનું દાતણ કરવા બેઠા. મુખમાં દાતણ મૂક્યું ને ચાવવા મંડ્યા, ત્યાં મુખમાં લોહી આવી ગયું. પછી ડુંગરજીએ જળનો લોટો આપ્યો. તેણે કરીને કોગળા કરી મુખની શુદ્ધિ કરી.

## અંતરમાં મનાય તે સાચું

પછી મહારાજ ને સંતો ત્યાંથી માનકુવા ગામમાં પધાર્યા. નાથા સુતારને ઘેર ઊતર્યા. ત્યાં થાળ જમીને સાધુની ઓરડી પાસે ઢોલિયો ઢળાવીને બિરાજમાન થયા અને મહારાજે કહ્યું : "અમારું વચન કોણ માને છે? અમે સૌનું માનીએ

છીએ. હમણાં કોઇ કહે, હે મહારાજ ! અમારે ઘરે જમવા પધારો, તો ત્યાં અમારે જાવું પડે છે. જો ન જઇએ તો વિમુખ થાય. ત્યારે આત્માનંદ સ્વામી કહે : "હે મહારાજ! કોણ નથી માનતું ? સૌ માને છે." મહારાજે કહ્યું : "તમે માનો છો ?" આત્માનંદ સ્વામી કહ્યું : "હા માનીએ છીએ, ને કહો તેમ કરીએ છીએ." ત્યારે મહારાજ રુમાલનો વળ દઈ ફેરવતાં કહ્યું : "આ તલવાર છે, તે મનાય છે?" આત્માનંદ સ્વામીએ કહ્યું : "હા મહારાજ ! આ તલવાર છે." મહારાજે કહ્યું : "એ તો ઉપરથી કહો છો." સ્વામી કહે : "હા મહારાજ ! ઉપરથી કહીએ છીએ." ત્યારે શ્રીહરિએ વાત કરી જે : "રામચંદ્રજી જ્યારે લંકામાં ગયા ને લક્ષ્મણને બાણ લાગ્યાં ને મૂર્છા આવી, ત્યારે વૈદ્યે કહ્યું, 'દ્રોણાચલ પર્વતમાં સંજીવની જડીબુટ્ટી છે. તે દિવસ ઊગ્યા પહેલાં લાવવમાં આવે તો જીવે.' પછી રામચંદ્રજીએ સૌને કહ્યું પણ કોઈએ હા પડી નહીં, હનુમાનજી રામચંદ્રની મરજી જાણી તરત જ ચાલી નીસર્યા. મહારાજે કહે તેમ અમે કહીએ : "કે દ્રોણાચલ પર્વત ઉપાડી લાવો. ત્યારે તત્કાળ ચાલતા થયા, પણ ત્યાં જાય ત્યાં સુધી મનમાં સંકલ્પ ન થાય જે કેમ એ થાશે ? એમ નિરસંકલ્પ થકો શેરનો પણ પાણો ઉપાડે તો અમે ગિરનાર ઉપાડ્યો માનીએ."

એમ શ્રીહરિ વાત કરે છે ત્યાં મુક્તાનંદ સ્વામી ભુજથી આવ્યા. મહારાજ મળ્યા ને સંતો પરસ્પર મળ્યા. પછી વળી મહારાજે વાત કરી : "વચન માન્યું કેને કહીએ ? અમે દિવસ હોય ને કહીએ જે રાત્રી છે, ત્યારે રાત્રી દેખાય" અને રાત્રી હોય ને કહીએ જે દિવસ છે, તો દિવસ દેખાય ત્યારે વચન માન્યું કહેવાય.

પછી શ્રીહરિએ સભામાં સંતોને આજ્ઞા કરી : આવી રીતે અમારી વાત માને તે અહીં રહે અને ન માને તે અમારી પાસે નહીં." વાત સાંભળી સંતોને બહુ મૂંજવણ થઇ ને સંતો કેશવજીને ઓરડીએ ગયા.

પછી સંતોએ આખી રાત વિચાર કરીને એમ નિરધાર કર્યો જે દિવસ હોય ને મહારાજ કહે રાત છે અને રાત હોયને કહે આ તો દિવસ છે. ત્યારે અંતરમાં હા પડે છે જે દિવસ છે, પણ બહાર તો રાત દેખાય છે. એમ વિચાર કરીને શ્રીહરિ પાસે આવ્યા. મહારાજ સવારમાં દાતણ કરતા હતા, સાધુને આવતા દેખીને હસ્યા ને પછી બોલ્યા : "શું સમજીને આવ્યા.?" ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું : "હે મહારાજ! તમે જે કહો છો તેમ અંતરમાં હા પડે છે, પણ બહાર તો દેખાય છે તે પ્રમાણે રાત અને દિવસ છે, તે તો ટળતું નથી.

ત્યારે શ્રીહરિએ કહ્યું : અંતરમાં મનાય તે જ સાચું છે, પણ બહાર દેખાય તે ખોટું છે. તે સાંભળી સાધુ રાજી થયા ને હસ્યા. પછી મહારાજ ને સંતો જમીને ભુજનગર પધાર્યા.

## -: જ્ઞાન સરિતા :-

### -: જ્ઞાનમાળા :-

૧. ગોપાળાનંદ સ્વામીનો જન્મ કયા ગામમાં થયો હતો ?
 (અ) બંધીયા (બ) ટોડળા
 (ક) અમરેલી (ડ) ખાણ

૨. ગોપાળાનંદ સ્વામીનું પૂર્વાશ્રમનું નામ શું હતું ?
 (અ) ખુશાલ (બ) મુકુન્દ
 (ક) શતાનંદ (ડ) લાડુદાન

૩. ગોપાળાનંદ સ્વામીનો જન્મ કઇ સાલમાં થયો હતો ?
 (અ) ૧૮૩૯ (બ) ૧૮૩૮
 (ક) ૧૮૩૭ (ડ) ૧૮૪૪

૪. સારંગપુરમાં શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજીની પ્રતિષ્ઠા કોણે કરેલી છે ?
 (અ) બ્રહ્માનંદ સ્વામી
 (બ) પ્રેમાનંદ સ્વામી
 (ક) મુક્તાનંદ સ્વામી
 (ડ) ગોપાળાનંદ સ્વામી

૫. ગોપાળાનંદ સ્વામીએ સારંગપુરમાં કષ્ટભંજનદેવ હનુમાનજીની પ્રતિષ્ઠા કંઈ સાલમાં કરેલી હતી.?

(અ) ૧૯૦૫ (બ) ૧૮૮૮

(ક) ૧૯૯૯ (ક) ૧૯૦૮

૬. ભુજ પ્રસાદી મંદિરમાં હનુમાનજી મહારાજની સ્થાપના કોણે કરેલી છે.

(અ) ગોપાળાનંદ સ્વામી

(બ) મુક્તાનંદ સ્વામી

(ક) દેવાનંદ સ્વામી

(ડ) બ્રહ્માનંદ સ્વામી

## -: શબ્દ રચના :-

અહીં નીચે આપેલ કોયડામાં હનુમાનજી દાદાના ૧૨ નામો મુકેલા છે તે શોધી કાઢો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| સં | ન | હ | કો | મ | હા | વી | ર | ગ | જી |
| ક | પી | શ્વ | ર | સે | વ | પા | વ | ન | લ |
| ટ | સે | વ | ન | ય | ન | પુ | મા | રુ | તિ |
| ભં | જ | ન | મી | હ | સં | નુ | ધ | ર્મ | રા |
| જ | અ | રા | વા | મા | હ | રિ | પુ | ત્ર | મ |
| ન | કે | મ | દ | કો | ટ | રા | ન | સુ | દૂ |
| અં | રા | ભ | કૃ | ત | અં | જ | ની | સુ | ત |
| રા | જ | ક | દૂ | ન | ભં | તા | પ | સ | હ |
| વા | પ્રી | ન | ત | ષ્ટ | સુ | વ્ર | ત | કુ | લ |
| ય | મ | ન | ક | ધ | વા | યુ | પુ | ત્ર | ન |

## શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

૨૦૧- કરસનભાઈ ઝીણાભાઈ જેશાણી ધ.પ.અ.નિ.રતનબાઈ, સુત ભીમજી ધ.પ.ધનબાઈ સપરિવાર શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - બળદિયા

૨૫૧- નિતીન હીરજી વરસાણી, હ હીરજી કરસન વરસાણી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - નારાણપર-રાવરી હાલે-યુ.એસ.એ. (અમેરિકા)

૨૫૧- રામજી વાલજી જેશાણી ધ.પ.માનબાઈ શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - બળદિયા

૯૦૦- વિજય મુકેશ હિરાણી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે હસ્તે માવજીભાઈ - ફોટડી

૧૦૦૦- સાં.યો.નંદુબાઈ દેવજી વરસાણી માધાપર શ્રીસ્વામિનારાયણ મંદિરના ૧૨૬ માં વાર્ષિક પાટોત્સવ પ્રસંગે- માધાપર

૧૫૦૦- દર્શન બાબુભાઈ આહીરના શુભ લગ્ન પ્રસંગે શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - હિરાપર-અંજાર

૫૦૦- વ્યોમ ભાવેશ વેકરીયાના જન્મદિવસ પ્રસંગે (૧૭-૬-૨૪) હસ્તે જેઠા પ્રેમજી વેકરીયા - નારાણપર

૨૫૦- વેકરીયા જયેશ લાલજી જન્મ દિવસ નિમિતે શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - માધાપર

RNI NO. GUJ/GUJ/2001/5643 Shree Swaminarayan Dharmasandesh POSTAL REGD. NO. GKCH-158/2024-2026
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ/STG OFFICE WPP LIC NO. G-PMG-RJT/011/2024/UPTO 31-12-2024





ભુજ મંદિર દ્વારા પ્રકાશિત ધાર્મિક, સાંપ્રદાયિક સાહિત્ય, જે લોકો નજીક જઈ જોઈ લઈ શકે એવી સગવડ્તા વારું શ્રી નરનારાયણદેવ સાહિત્ય કેન્દ્રનું નવીનિ કરણનું ઉદ્ઘાટન કરાયું.





ગોરસીયા પરિવાર દ્વારા શ્રી ઠાકોરજીની મહાઆરતીનું ભવ્ય આયોજન- ભુજ







પવિત્રતમ ભારત દેશના ચાર સરોવરો પૈકી કચ્છનું શ્રી નારાયણ સરોવરમાં ભુજમંદિર દ્વારા થઈ રહેલ મંદિર નિર્માણ તેમજ ઉતારાનું નિરીક્ષણ કરતા ભુજમંદિરના સંતો તથા ટ્રસ્ટીઓ તેમજ દાતાશ્રીઓ. નારાયણ સરોવર